Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## : પરિપત્ર :

**વિષય : નવી કોલેજો શરૂ કરવા માટે અથવા નવી કે ચાલુ કોલેજો દ્વારા શરૂ કરવામાં આવનાર નવા અભ્યાસક્રમો, શરૂ કરેલા ચાલુ અભ્યાસક્રમોમાં ક્રમિક વધારા માટે અને ચાલુ જોડાણો મેળવવા બાબતમાં જોડાણ અરજી મોકલવા બાબત...**

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૬ અન્વયે જણાવવાનું કે, જૂન –૨૦૨૨થી નવી કોલેજો શરૂ કરવા માટે અથવા નવી કે ચાલુ કોલેજો દ્વારા શરૂ કરવામાં આવનાર નવા અભ્યાસક્રમો, શરૂ કરેલા ચાલુ અભ્યાસક્રમોમાં ક્રમિક વધારા માટે અને ચાલુ જોડાણો તથા એકીકરણ, એડિશનલ ડિવિઝન / કોર્ષ / સબ્જેક્ટ માટેનું જોડાણ મેળવવા ઈચ્છતી સંસ્થાઓએ નિયત જોડાણઅરજી પત્રકમાં રૂા.૨૦,૦૦૦/– ની પ્રોસેસિંગ ફી સાથે કરવાની રહેશે. સદરહુ ઓર્ડિનન્સની સંબંધકર્તા પેટા–કલમ અનુસાર પ્રોસેસિંગ ફી સાથે જોડાણઅરજી ત્રણ નકલમાં (૨+૧) ૩૦મી, સપ્ટેમ્બર–૨૦૨૧ સુધીમાં યુનિવર્સિટીને મળે તે રીતે મોકલવી. ત્યારબાદ, લેઈટ ફી સાથે અરજી સ્વીકારવા માટે નીચે મુજબ જોગવાઈ છે.

| | |
|---|---|
| ૩૦મી ઓકટોબર સુધીમાં (તા. ૦૧–૧૦–૨૦૨૧ થી તા. ૩૦–૧૦–૨૦૨૧ સુધી) | રૂા. ૫૦,૦૦૦/– લેઈટ ફી (નોન રીફંડેબલ) |
| ૩૦મી ઓકટોબર પછી મા. કુલપતિશ્રીની મંજૂરીને આધીન | રૂા. ૨,૦૦,૦૦૦/– લેઈટ ફી (નોન રીફંડેબલ) |

નિયત તારીખ બાદ આવેલી તથા અધુરી વિગત/ માહિતીવાળી જોડાણઅરજી સ્વીકારવામાં આવશે નહી અને જોડાણ મેળવવા માંગતા નથી તેમ સમજીને રાજય સરકારશ્રીને ભલામણ કરી પ્રવેશો અટકાવવામાં આવશે, જેની નોંધ લેવી.

**નોંધ :**

(૧) શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે નવી કોલેજ / અભ્યાસક્રમ શરૂ કરવા માટેનું જોડાણ મંજૂર થયેથી યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને સંચાલક મંડળના પ્રતિનિધિના સંયુકત નામે રૂા.૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પૂરા) છ વર્ષ (૭૨ માસ) માટે રાષ્ટ્રીયકૃત બેંકની ફિકસ ડિપોઝિટની મૂળ રસીદ અને " નમૂનો – ક" મુજબ રૂા. ૩૦૦–૦૦ (અંકે રૂપિયા ત્રણસો પુરાના સ્ટેમ્પ પેપર પર) "ડીડ ઓફ ડીકલેરેશન યાને એકરારનામું" મૂળ અત્રે જોડાણ અરજી સાથે મોકલી આપવાનું રહેશે. જેથી સરકારશ્રીમાં શરૂ થનાર અભ્યાસક્રમ અંગેની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી માટે દરખાસ્ત મોકલી શકાય.

(૨) યુજીસી રેગ્યુલેશન–૨૦૧૨ મુજબ 3.1.1. Undisputed ownership and possession of land free from any or all encumbrances measuring not less than 1.5 acres if it is located in mega cities, 2 acres if it is located in metropolitan cities and 5 acres if it is located in other cities જોગવાઈ છે. UGC ની સદર જોગવાઈ નું પાલન થતું હશે તો જ અરજી સંદર્ભે આગળની કાર્યવાહી કરવામાં આવશે નહી તો સદર અરજી દફતરે કરવામાં આવશે. સદર શરતો પૂર્તતા કરી શકે તેવી સંસ્થાઓએ જ જોડાણઅરજી કરવી.)

(૩) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને જોડાણ માટે અને યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના જે અભ્યાસક્રમોમાં Apex Body/Councilના ધારાધોરણો અને UGCના ધારાધોરણો હોય તેવા અભ્યાસક્રમોમાં Apex Body/Councilના ધારાધોરણો કે UGCના ધારાધોરણો અનુસરવા તે અંગે વિચારણા કરી સિન્ડિકેટની તા. ૮–૧૨–૨૦૨૦ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૪૬) અન્વયે નિયુકત સમિતિના અહેવાલ પર વિચારણા કરી સિન્ડિકેટની તા. ૨૨–૦૩–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૧) થી નિયુકત સમિતિની ટેકનિકલ / પ્રોફેશનલ અભ્યાસક્રમમાં નવા જોડાણ/ચાલુ જોડાણ, જમીન, ભૌતિક સુવિધાઓ, સ્ટાફની નિમણૂંકો તથા અન્ય આનુસાંગિક બાબતો માટે સબંધિત Apex Body/Council ના જ ધારાધોરણોનો અમલ કરવા અને ટેકનિકલ / પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં UGC ના ધારાધોરણો ધ્યાને ન લેતાં માત્ર સંબધિત Apex Body/Council ના જ ધારાધોરણોનો અમલ કરવાની ભલામણના અહેવાલનો સ્વીકાર કરવામાં આવેલ છે.

(૪) સિન્ડિકેટની તા.૨૩–૮–૨૦૧૯ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૬૯) અંતર્ગત કોલેજોએ અભ્યાસક્રમ દીઠ જોડાણઅરજી અને પ્રોસેસિંગ ફી ભરવાની રહેશે.

(૫) જોડાણ અરજી માટેનું અરજી ફોર્મ યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in પર ડાઉનલોડના મેનુમાંથી ડાઉનલોડ કરી શકાશે તેમજ જોડાણ અંગેની વધુ માહિતી મેળવી શકાશે.

(૬) નવા જોડાણ માટે સંસ્થાએ નિયત અરજીપત્રક ઉપરાંત affiliation.vnsgu.net પર ઓનલાઈન અરજી પણ કરવાની રહેશે.

(૭) જોડાણ અરજી ફોર્મ માટે કોઈ ફી ભરવાની રહેતી નથી.)

ઈ.ચા. કુલસચિવ

ક્રમાંકઃ એસ–એ(જોડાણઅરજી)(૨૧)/૧૨૯૭૦
તા.૨૭– ૦૮–૨૦૨૧

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ ........ તરફ જાણ તથા જરૂરી અમલ થવા સારૂ.

G:\PARIPTRA1.doc